# Playing with your baby

**Play is the main way that babies and toddlers learn about the world. With your help, it's also a wonderful way to support their language development.**

- As a parent, you are your child's best playmate so try to spend time every day playing together.
- Newborns love physical play, especially when you gently tickle their face or count their fingers and toes.
- When your baby gets a little older and stronger, offer her lots of toys or things that are safe to go into her mouth, and talk about the objects for her.
- Make lots of play sounds to go with what's happening, like "brmm, brmm" as you push a car along. That way, your baby will hear different speech sounds and learn that listening to voices is fun.
- Your baby will love hearing the same little rhymes and stories, and playing games like peek-a-boo, over and over again.
- You don't need lots of toys to play – your baby can play with safe, simple things around the house. But toy libraries offer toys on loan for free or a small fee. For your nearest call 020 7255 4604.
- As your baby gets older, don't try to teach him anything during play. Your child will learn best if he chooses what to play, and you follow his lead.



© Posy Simmonds

# તમારા બાળકની સાથે રમવું

**રમત-ગમત એક એવું શિક્ષણ છે કે જેનાં દ્વારા બાળકો અને ટોડલરો આ જગત વિશે ઘણું બધું શીખે છે. અને તમારી મદદ સાથે તેઓને પોતાની ભાષા સારી રીતે આવડે તે માટેની તે એક અદ્‌ભૂત પધ્ધતિ છે.**

- માતા-પિતા તરીકે તમારા બાળકનાં રમત-ગમતનાં સૌથી સારાં સાથીદાર તમે જ છો એટલે તેની સાથે રમવા માટે રોજ થોડો સમય ફાળવો.
- નવાં જન્મેલાં બાળકોને શારીરિક રમતો ગમતી હોય છે, ખાસ કરીને તમે તેનાં ચહેરા પર ગલીપચી કરો અથવા તેનાં હાથ-પગનાં આંગળાઓ સાથે રમત કરો ત્યારે.
- જ્યારે તમારું બાળક થોડુંક મોટું અને સશક્ત બને ત્યારે તેણીને એવાં ઘણાં બધાં રમકડાંઓ અને વસ્તુઓ લાવી આપો કે જે તેનાં મોઢાંમાં જાય તો પણ તેની તબીયત માટે તે સુરક્ષિત રહે અને તેણીને આ રમકડાંઓ અને વસ્તુઓ વિશે પણ સમજાવો.
- કોઈપણ ઘટના વિશે રમત રમતાં હો તેવાં અવાજો પણ કરતાં રહો જેમ કે તમે કારને ધક્કો મારતાં હો તેમ ‘‘બ્રૂમ... બ્રૂમ...’’ એવો અવાજ કરો. આવી રીતે તેને જુદાં જુદાં અવાજ સાંભળવા મળશે અને તેને શીખવા મળશે કે જુદાં જુદાં અવાજો સાંભળવાની કેવી મજા પડે છે.
- તમારા બાળકને એકની એક કવિતાઓ અને ગીતો સાંભળવા ગમશે અને પીક-અ-બૂ, ઓવર એન્ડ ઓવર જેવી રમતો પણ વારંવાર રમવી ગમશે.
- રમતો રમવા માટે તમારી પાસે ઘણાં બધાં રમકડાં હોવાં જરૂરી નથી - તમારા ઘરની આસપાસ રહેલી સુરક્ષિત અને સરળ ચીજ-વસ્તુઓ સાથે પણ તમારું બાળક રમતો રમી શકે છે. પણ રમકડાં લાયબ્રેરીઓ મફત અથવા નજીવી ફી લઈને રમકડાંઓ રમવા માટે ઉછીના આપે છે. તમારી સૌથી નજીકની લાયબ્રેરીનો સંપર્ક કરવા માટે 020 7255 4604 પર ફોન કરો.
- તમારું બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ તેને રમત-ગમત દરમ્યાન કાંઈપણ શીખવવાનો પ્રયત્ન કરશો નહીં : જો તમારું બાળક જ પસંદ કરે કે કઈ રમત રમવી છે તો તે સૌથી સારી રીતે શીખી શકશે અને તમે તેને સાથ આપતાં રહો.

National Literacy Trust

Talk To Your Baby